પાટનગર યોજનાના અધિક્ષક ઈજનેર ચાવડાની બદલી થઈ

પાટનગર યોજનામાં ઘણી બધી જગ્યાઓ ખાલી પડી હોવાથી તંત્ર ખોખલું બન્યું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર પાટનગર યોજનાના અધિક્ષક ઈજનેર શ્રી ચાવડાની આજે કરાયેલા એક હુકમમાં રાજકોટ અધિક્ષક ઈજનેર તરીકે બદલી કરવામાં આવી છે.

પંચાયતના અધિક્ષક ઈજનેર શ્રી પટેલ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં રાજકોટના અધિક્ષક ઈજનેર શ્રી ગોહિલને પંચાયતમાં મુકવામાં આવ્યા છે જ્યારે શ્રી ચાવડાને રાજકોટ મુકવામાં આવ્યા છે.

શ્રી ચાવડાની જગ્યા હાલ ખાલી રાખવામાં આવી છે. પાટનગર યોજના વિભાગમાં ડિવીઝન-૧,૨ અને ૪માં કાર્યપાલક ઈજનેરની જગ્યાઓ પણ હાલ ખાલી પડી છે આ જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. આમ પાટનગરની સુવિધાઓ સંભાળતુ પાટનગર યોજનાનું તંત્ર ધીમીગતિએ ખોરવાઈ રહ્યું છે.

આ પાટનગર યોજનાના ઘણા સબ ડિવીઝનો પણ નાયબ કાર્યપાલક ઈજનેર વિના ચાર્જમાં ચાલી રહ્યા છે તો કેટલાક સબ ડિવીઝનોમાં સેકશનલ સુપરવાઈઝર અને ના.કા.ઈ.નું માત્ર ફરજ પર હોવાની ચોંકાવનારી હકીકતો પણ બની રહી છે.

એક સમયે સતત પ્રવૃત્તિથી ધમધમતા પાટનગર યોજનાનું કામ મંદગતિ પકડતુ જાય છે. જો કે હાલ પાટનગરમાં મહાત્મા મંદિર, સ્વર્ણીમ પાર્ક સહિત સંખ્યાબંધ પ્રોજેક્ટ આ પ્રભાગના હાથ પર હોવા છતાંય મહત્વની જગ્યાઓ ખાલી પડી છે તેમજ સેક્ટરોના સુવિધા કેન્દ્રોમાં પણ મકાનોની ફાળવણી અને નિભાવણીની ફરિયાદોનો ભરાવો મોટા પાયે થયો છે પણ ક્યાંક ગ્રાન્ટ નથી તો ક્યાંક કર્મચારીઓ નથી.

ગાંધીનગરમાં ભુવા પડ્યા - નગરના ધમધમતા માર્ગ પર ગ-૩ પાસે સોમવારની રાતના વરસાદથી મોટા ભુવા પડ્યા છે... રાત્રે અંધારામાં કે ઝડપી ગતિએ આવતા વાહન ચાલક માટે અકસ્માતનો સતત ભય વર્તાય છે... તંત્રમાં કોઈપણ ખોદકામ કર્યા પછી પૂરતી કાળજી લઈને ખાડા પૂરાતા નથી, ફીનીશીંગ થતું નથી તેનો નાનકડો પૂરાવો મોટી વાત કહી જાય છે... (તસવીર : દિપક જાની)

શાળાએ જવાનું કહીને ચાલ્યા ગયેલા બે વિદ્યાર્થીઓ બે દિવસે પરત ફર્યા

ગાંધીનગર, તા. ૨૯

બાળકો ગુમ થવાના કિસ્સાઓ પાછળ વાલીઓ દ્વારા અપાતો ઠપકો, અભ્યાસ સાથે અણગમો તથા નજીવી બાબતે રીસાઈને ઘરેથી ચાલી નિકળવાની વૃત્તિ જેવી બાબતો વધુ જવાબદાર હોવાનું મોટાભાગના કિસ્સાઓ દ્વારા બહાર આવ્યું છે. ગઈકાલે સે. ૫ માંથી પિતાએ આપેલા ઠપકા બાદ દીકરો માતાના દાગીના તથા રોકડા લઈને ચાલ્યો ગયો હતો અને મોડી સાંજે તે મળી પણ આવ્યો હતો. ત્યારે બાળકો સાથે વાલીનો વ્યવહાર તથા બાળકોના ઉછેરમાં વધુ પડતુ લાડયુક્ત વલણ ન રાખવાની ચેતવણી આપતો વધુ એક કિસ્સો પાટનગરમાં બનવા પામ્યો છે. શહેરમાં ૧૬ વર્ષના બે કિશોરો ધો. ૯માં શારદા હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે. તેઓ ગઈ સવારે સ્કૂલે જવાનુ કહીને નિકળ્યા બાદ પરત ફર્યા ન હતા. બે દિવસ સતત કરેલી શોધખોળ બાદ પણ તેમના સગડ ન મળતા પોલીસ પણ દોડતી થઈ હતી. દરમ્યાન આજે મોડી સાંજે તેઓ પરત ફર્યા હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગરમાં ગંદકી નાથવા મનપા બે મોબાઈલ ટોયલેટ ખરીદશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં ગંદકી થતી અટકે તે માટે મહાનગરપાલિકા બે મોબાઈલ ટોયલેટની ખરીદી કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની ૩૧મી ઓગષ્ટના રોજ મળનારી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળનારી બેઠકમાં એક ૧૦ બેઠકની ક્ષમતા ધરાવતુ અને એક પાંચ બેઠકની ક્ષમતા ધરાવતુ મોબાઈલ ટોઈલેટ ખરીદવાની દરખાસ્ત રજુ થઈ છે.

ગાંધીનગર શહેરમાં થતા આંદોલન અને મજૂરોને રહેવા માટે રેન બસેરા પ્રોજેક્ટનું અમલીકરણ નહિ થયુ હોવાને કારણે ઘ-૦ થી ઘ-૩ ના માર્ગ પર વધતી જતી ગંદકીને અટકાવવા માટે આ મોબાઈલ ટોઈલેટની ખરીદી જરૂરી બની હોવાથી આ ખરીદવાનો નિર્ણય લેવાશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ડે. એન્જી.ની એક જગ્યા ઉચ્ચક પગારથી ભરવા માટેની પણ દરખાસ્ત રજુ થનાર છે.

જો કે કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીમાં મિલ્કતવેરાની આકારણીનો મુદ્દો જ છવાયેલો રહે તેવી શક્યતાઓ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી આકારણી સેલ રચવા અંગેનો પ્રસ્તાવ રજુ થશે તેમ મનાઈ રહ્યુ છે.

મેયરશ્રીના ઉપવાસ પછી બીજા જ દિવસે સ્થાયી સમિતિની બેઠકને લઈ રાજકીય વર્તુળો આ બેઠકને વધુ મહત્વની લેખાવી રહ્યા છે.

ગાંધીનગર-અમદાવાદ કોરીડોરનો પ્રોજેક્ટ હજુ પણ અધ્ધરતાલ !

કોબા-હાંસોલ આસપાસના સર્વિસ રોડને ફોર લેન ઉપરાંત ઓવર બ્રિજના પાંચ નવા સ્ટ્રક્ચર ઉભા કરવાનું આયોજન : ખાનગી એજન્સીએ રીપોર્ટ સુપ્રત કર્યો પરંતુ આયોજન આખરી થયું નથી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર-અમદાવાદ કોરીડોરને અનુલક્ષી કોબા-હાંસોલ માર્ગ આસપાસના સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. અંદાજિત ૨૫૦ કરોડના આ પ્રોજેક્ટ અન્વયે પાંચ ઓવરબ્રિજ પણ બનાવવાની કાર્યયોજના તૈયાર કરાઈ છે. ખાનગી એજન્સીએ આ પ્રોજેક્ટ સંદર્ભે અભ્યાસ હાથ ધરી વિભાગને રીપોર્ટ સુપ્રત કરી દીધો છે ત્યારે મેટ્રોરેલની પથરેખા નિયત થયા બાદ જ કોરીડોરની યોજના અંગે આગળની ગતિવિધિઓ હાથ ધરાશે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચેનો વાહનવ્યવહાર ઝડપી અને

● અનુસંધાન પાન-૭ પર

સે. ૫-ડીમાં પાણીની ટાંકીને પાવર સપ્લાય આપવાનો મામલો ગુંચવણમાં

ચરેડી ટાંકીનું કોકડુ ઉકેલાયા બાદ તંત્રને પાછો શિરદર્દ

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં પાણીની ટાંકીને પાવર સપ્લાય આપવાના મામલે ફરી એકવાર રૂકાવટની સ્થિતિ ઉદ્‌ભવી છે. સે. ૫-ડીમાં નવનિર્મિત પાણીની ટાંકીને અનુલક્ષી તંત્ર દ્વારા ટોરેન્ટ કંપનીને ૧ હજાર કીલો વોટ પાવર સપ્લાય કરવા દરખાસ્ત કરી હતી. પરંતુ આ મામલે તંત્રને મંજુરી અપાઈ નથી. જ્યારે આ અન્વયે ૯૨ લાખની રકમનો ચેક પણ પરત કરાયો છે.

નગરમાં પાણીની જરૂરિયાત સંતોષવા પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ હાથ ધરાયું છે. કરોડોના ખર્ચે હાથ ધરાયેલ આ કામગીરી દરમિયાન નવા સેક્ટરોમાં પાણી ફોર્સથી પુરૂ પાડવા સે. ૫-ડીમાં પાણીની નવી ટાંકી બનાવવા ઉપરાંત પાઈપલાઈન અપગ્રેડ કરવાનું કામ પણ હાથ ધરાયું છે. જૂના સેક્ટરોમાં પણ એક જ સમયે કોમન સપ્લાય આપવા ચરેડી ખાતે નવીન ટાંકીનું નિર્માણ કરાયું છે. અગાઉ ચરેડી ટાંકીને અનુલક્ષી તંત્ર દ્વારા ટોરેન્ટ પાવર કંપની સમક્ષ પાવર સપ્લાય આપવા દરખાસ્ત કરાઈ હતી. જ્યારે ઘણાં વિલંબ બાદ આખરે સ્થાનિક સંસ્થાની દરમિયાનગીરીના

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં માર્ગ વાઈડનીંગના કામ પાછળ ૩૨ કરોડ ખર્ચાશે

કલોલ-સાણંદ અને વડસર-ખાત્રજ ભીમાસણ માર્ગને આખરે પહોળો બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

કલોલ-સાણંદ અને વડસર ખાત્રજ-ભીમાસણ માર્ગને વાઈડનીંગ કરવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે. અંદાજિત રૂ. ૩૨ કરોડના ખર્ચે હાથ ધરાનારી આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે.

શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લાના માર્ગોને અનુલક્ષીને પણ રસ્તા સુધારણાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પાટનગર યોજના વિભાગ દ્વારા

તાલુકા કક્ષાના વિવિધ માર્ગોના સરફેસનું કામ હાથ ધરવા અગાઉ દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી છે. જ્યારે આ પૈકી માર્ગ સુધારણાના અમુક કામોને મંજુરી અપાતા ટેન્ડર પ્રક્રિયાના આધારે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કલોલ-સાણંદ અને વડસર-ખાત્રજ ભીમાસણ માર્ગને પહોળો કરવાનું કામ ટૂંકમાં હાથ ધરવામાં આવનાર છે. કલોલ જીઆઈડીસી વિસ્તાર તેમજ સાણંદ ખાતે ઈન્ડસ્ટ્રીયલ એરિયા વિકસતા આ માર્ગ પર ટ્રાફિકનું પ્રમાણ વધ્યું છે જ્યારે સાંકડા માગ પર વાહનોનો ધમધમાટ વધતા આ માર્ગને પહોળો કરવાની પ્રબળ માંગ ઉઠવા પામી હતી. વિભાગ કક્ષાએથી આ કામગીરીને અનુલક્ષી રૂ. ૩૨ કરોડના ખર્ચની મંજુરી આપી દેવાતા તંત્ર દ્વારા ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. જ્યારે હવે ટૂંકમાં માર્ગ વાઈડનીંગનું કામ હાથ ધરવામાં આવશે.

બેસણું

અમારા પૂજ્ય માતુશ્રી ગં.સ્વ. **પાર્વતીબેન વિશ્રામ પટેલ** તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ દેવલોક પામેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૩૦-૮-૨૦૧૨ના રોજ સાંજના ૫-૦૦ થી ૭-૦૦ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલવાડી, સેક્ટર-૭માં** રાખવામાં આવેલ છે.

નિવાસસ્થાન :
પ્લોટ નં. ૫૨૧/૧,
સેક્ટર નં.૨૨,
ગાંધીનગર
ફોન : ૨૩૨૨૫૫૬૧

લિ.
જયંતિલાલ છાનજી ગઢિયા
(નિવૃત્ત જીલ્લા સમતગમત અધિકારી)
યશવંત છાનજી ગઢિયા
મયંક જયંતિલાલ પટેલ (પૌત્ર)

પીએનજી ગેસના બીલ પોસ્ટ ઓફિસમાં ભરી શકાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના ઘરોમાં પાઈપલાઈન દ્વારા પુરો પડાતા જીએસપીસી ગેસના નાણાં પોસ્ટ ઓફિસોમાં સ્વીકારવાની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે.

જીએસપીસી પાઈપલાઈન ગેસ બિલના નાણાં ગાંધીનગરમાં આવેલી તમામ પોસ્ટ ઓફિસોમાં સ્વીકારવાની સેવા પ્રવર અધિક્ષક, ડાક ઘર, ગાંધીનગરની કચેરી દ્વારા કરવામાં આવી છે. નાગરિકોએ આ સેવાનો લાભ લેવા જણાવાયું છે. કચેરી સમય દરમિયાન પોસ્ટ ઓફિસોમાં પાઈપલાઈન ગેસના નાણાં સ્વીકારવામાં આવશે.

કેબિનેટમાં ટેક્ષટાઈલ પોલિસીને મંજૂરી

ગુજરાતનો કપાસ ગુજરાતમાં વપરાય તેનું આયોજન, અમદાવાદને ફ્રીથી માન્ચેસ્ટર બનાવવાનું સ્વપ્ન : મહારાષ્ટ્રની પોલિસી જેવા ઇન્સેન્ટીવ નહીં

(વિશેષ પ્રતિનિધિ)
ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં જેની આતુરતા પૂર્વક રાહ જોવાઈ રહી છે તેવી ઈન્ટીગ્રેટેડ ટેક્સટાઈલ પોલિસી આજ-કાલમાં જાહેર થવાની છે. સંભવતઃ આવતીકાલે જાહેરાત કરાય તેમ છે. રાજ્ય કેબિનેટની બેઠકમાં આ પોલિસીને આખરી મંજૂરી આપી દેવામાં આવી છે, જેમાં ઈન્ટરેસ્ટ સબસીડી, યુનિટ પ્રમાણે વધુ સબસીડી આપવાની મર્યાદાને રદ કરવા સુધીની જોગવાઈ કરવામાં આવી છે. પ્રાથમિક રીતે જોતાં એવું જણાય છે કે મહારાષ્ટ્રની પોલિસીમાં જેવા ઈન્સેન્ટીવ આપવામાં આવ્યા છે તેવા ગુજરાતની પોલિસીમાં કદાચ નહીં હોય.

ભારતમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં કોટનનું ઉત્પાદન અગ્રહરોળમાં છે ત્યારે નવી પોલિસીમાં કોટન તેમજ સ્પીનીંગ ઈન્ડસ્ટ્રીઝમાં નવું મૂડીરોકાણ આવી શકે તેવા ઈન્સેન્ટીવ લાગુ કરવામાં આવ્યા છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઉદ્યોગ અને નાણા વિભાગના અધિકારીઓએ પોલિસી અંગે ચર્ચા કરીને દરખાસ્તો મુખ્યમંત્રી સમક્ષ રાખી હતી, જેને રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી છે.

રાજ્યમાં કપાસનું ઉત્પાદન વધી રહ્યું છે પરંતુ ભાવ નહીં મળવાના કારણે ખેડૂતોને ઘણી વખત સહન કરવાનો વારો આવે છે. આ પોલિસીના કારણે ગુજરાતનો કપાસ ગુજરાતમાં વપરાય તેવું આયોજન છે. અત્યારે ઈન્ટરેસ્ટ સબસીડીની ટકાવારી યુનિટદીઠ છ ટકા છે જે વધારી સાત ટકા કરવાનો ઈરાદો છે.

બીજી બાજુ સબસીડીની સિલીંગને દૂર કરવામાં આવશે. હાલ બે કરોડની સિલીંગ બાંધવામાં આવેલી

છે. તમામ પ્રકાર અને સાઈઝના ટેક્સટાઈલ ઉદ્યોગોને પોલિસીનો લાભ આપવામાં આવશે.

મુખ્યમંત્રીએ પોલિસી બનાવવાની જ્યારે જાહેરાત કરી ત્યારે કહ્યુંહતુંકેઆ પોલિસી થકી સ્વપ્નશિલોની નગરી સુરતને ભારતનું ટોકિયો બનાવવામાં આવશે. એ સાથે અમદાવાદ કે જે પહેલાં માન્ચેસ્ટર કહેવાતું હતું તેની ઓળખ પાછી મેળવાશે. અમદાવાદને ડેમિન સિટી અને સુરતને સિલ્ક સિટી તરીકે આજે પણ ઓળખવામાં આવે છે.

ફાર્મ, ફાઈબર, ફેબ્રિક્સ, ફેશન અને ફોરેન એમ કુલ પાંચ એફ ને અનુસરતી આ પોલિસીમાં મેઈડ ઈન ગુજરાતનું ટેગ લગાડી શકાય તેવી કેપેસિટી ઉદ્યોગોમાં આવી શકે છે. પોલિસીમાં સ્પીનીંગ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

ગગન નારંગ રાજ્ય સ્પોર્ટસ સેક્ટરમાં યોગદાન આપશે

નારંગે મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાત લીધી : સ્મૃતિ રૂપે ટી-શર્ટ, કેપની ભેટ આપી : સફળતા અંગે માહિતી આપી

ગાંધીનગર, તા.૨૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લંડન ઓલિમ્પીક ૨૦૧૨માં શુટીંગની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને આવેલા ભારતના ગગન નારંગને આજે હાર્દિક અભિનંદન આપ્યા હતા. આજે સ્પોર્ટસ ડે તથા અગાઉના વર્ષોમાં ઓલિમ્પીક્સમાં હોકીની રમતમાં ગોલ્ડ મેડલ મેળવીને ભારતનું નામ રોશન કરનાર ધ્યાનચંદજીના જન્મ દિવસ અવસરે આ મુલાકાત વિશેષ સ્મૃતિરૂપ બની રહી હતી.

ગગન નારંગે ભારતનું ગૌરવ વધારવા માટે તેમને ચોથી પ્રથમ ટ્વીટર ઉપર અભિનંદન નરેન્દ્ર મોદીને મળ્યા તે માટે આભારની લાગણી વ્યક્ત કરી આજે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત વખતે મુખ્યમંત્રીને સ્મૃતિભેટરૂપે ઓલિમ્પીક લંડન-૨૦૧૨ના પોતાના હસ્તાક્ષર ટી-શર્ટ અને કેપની સાથેના ભેટ અર્પણ કરી હતી. અને ગુજરાતમાં સ્પોર્ટસ સેક્ટરમાં યોગદાન આપવાની તત્પરતા સાથે તેમની સંસ્થા લક્ષ્ય સ્પોર્ટસ એકેડેમી દ્વારા મોડેલ સ્પોર્ટસ સંકુલ પ્રોજેક્ટની પ્રસ્તુતિ કરી હતી.

મુખ્યમંત્રીએ ગુજરાતમાં ખેલ મહાકુંભની અપૂર્વ સફળતા અને ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી સ્થાપવા માટેના ઉદ્દેશોની રૂપરેખા આપી હતી.

भारतीय खेल प्राधिकरण
SPORTS AUTHORITY OF INDIA
प्रशिक्षण केन्द्र, गांधीनगर
TRAINING CENTRE, SECTOR-15, GANDHINAGAR-382015.

NOTICE INVITING TENDER

Sports Authority of India, Training Centre, Gandhinagar invites items wise sealed bids for the following items supply at its Sports Complex, Sector-15, Training Centre, Gandhinagar, Gujarat.

Sr. No.	Dry Ration Part-A (I)	Fresh Ration Part-B (II)
01.	All type of dry ration	1. Bread 2. Eggs. 3. Fresh Chicken / Mutton/ Fish. 4. Fresh Green Vegetable. 5. Fresh Fruits 6. Potato, Onion.

Terms & Condition for above items as part of the bidding documents may be obtained on cash payment of ₹ 500/- each from Account Section, Training Centre, Sports Authority of India, Sports Complex, Sector-15, Gandhinagar on any working day (Monday to Friday) from 03-09-2012 to 14-09-2012 between 11:00 hours to 17:00 hours.

The bidding document in prescribed format along with relevant documents sealed & complete in all respect to be submitted by 14-09-2012 up to 15:00 hours. Tender will be opened at 15:30 P.M. on 14-09-2012 in the presence of bidders present. SAI reserves the right to accept or reject any bid at any stage without assigning any reason.

Centre Incharge (STC)

વધે નામના તમારી એવી શુભકામના અમારી

શ્રી અનિલભાઈ કાંતિભાઈ પરમાર (ડભાડ)
પ્રમુખશ્રી, સંતશ્રી રોહિદાસ સેવા સમાજ, ગાંધીનગર

આપની સંતશ્રી રોહિદાસ સેવા સમાજના પ્રમુખ પદે થયેલ વરણીને હૃદયપૂર્વક આવકારીએ છીએ... આપના નેતૃત્વમાં સમાજની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર પ્રગતિમય બને એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ. આપનો સહૃદયી
અશ્વિન આનંદ (ઈંટાદરા)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com